
## ભૂતપૂર્વ વિદ્યાર્થી વિભાગ

### ૫૦ વર્ષ જૂની યાદો



પન્ના (પરીખ) પટેલ

મને કહેવામાં આવ્યું છે કે શાળાના સંસ્મરણો ૨૦ લીટીમાં લખી મોકલો. આ શક્ય છે? છતાં પ્રયત્ન કરું છું.

તે સમય શાળાઓ તો ઘણી હતી પણ શારદામંદિરની વાત કંઈ અલગ જ હતી. જીવનના ઘડતરમાં ફક્ત ભણતર જ જરૂરી નથી તે વાત પુ.વજુભાઈ સારી રીતે જાણતા હતા અને તેથી જ શાળામાં ભણતર સાથે રમતગમત, પ્રવાસ-પર્યટન, સ્થાપનાદિન, સ્વયંપાક જેવી ઘણી ઈત્તર પ્રવૃત્તિઓ થતી. જે મને ભણવા કરતાં પર વધારે ગમતી.

આજે પણ શાળામાં થતી પ્રાતઃપ્રાર્થના મને સૌથી વધુ યાદ આવે છે. શિયાળાની કડકડતી ઠંડીમાં સવારે ૫ વાગે સ્કૂલે જઈ પ્રાર્થના કરવી, પછી કસરત કરવી, દરેક જાતના આસનો કરવા, પછી મેદાનમાં રમતો રમવી અને છેલ્લે મને જેનું વધુ આકર્ષણ હતું તે પ્રસાદ... રોજ જુદો જુદો પ્રસાદ મળે. ક્યારેક કેળાં કે બીજા ફ્રુટ તો ક્યારેક સિંગ-સાકરીયા. બસ મને તો શિંગ-સાકરીયા આજે પણ નથી ભુલાતા. એક મુઠ્ઠીમાં પ્રસાદ મળે તો બીજા હાથની મુઠ્ઠીમાં બીજી વાર પ્રસાદ લેવાનો અને તે ખાવાની મજા છેક ઘેર આવીએ ત્યાં સુધી રહે.

શારદામંદિરના પ્રવાસમાં જવાનો લ્હાવો પણ અલગ જ હતો. મિત્રો સાથે હરવા-ફરવાનો સમય કેમ પુરો થઈ ગયો તેનો અફસોસ આજે પણ થાય છે. શ્રી દીનુભાઈ, આશાબહેન, ઉષાબહેન વગેરેની પ્રવાસમાં લેવાયેલી વ્યક્તિગત કાળજી આજે પણ ભુલાતી નથી.

ઉપરાંત સુરેન્દ્રભાઈ, ગિરીશભાઈ, ચંદુભાઈ, કાન્તિભાઈ, કુમનભાઈ, હેમલતાબહેન વગેરેનો લાગણીસભર સ્વભાવ આજે પણ યાદ આવે છે. આજે પણ ઘેર ઘડિયાળમાં ડંકો વાગે ત્યારે ગુલાબજીનો ઘંટ યાદ આવી જાય છે.

આજે શાળા છોડે ૫૦ વર્ષ પૂરા થયા ત્યારે જિંદગી ભૂસાઈ જશે પણ શાળાના સુખદ સ્મરણો નહીં ભુલાય.

હું મોટી કેમ થઈ ગઈ? આ અફસોસ આજે પણ રહે છે.

(સંસ્મરણો - Class of 1969માંથી સાભાર)

---

### હું પ્રવાસી... અને મારી પગદંડી



કલ્પના (શાહ) કોરવાર

'કાલે ખેલતા, કૂદતા'તા ભમતા'તા આ ભૂમિમાં..' ના સૂર, શબ્દો અને ભાવ આજે પણ હજુ અંતર પટપર બરાબર કોતરાઈને બેઠા છે. શું એ અનુભૂતિ અને પ્રભાવને વાચા આપવાનું શક્ય છે ખરું ?... પ્રયાસ જરૂરથી કરીશ.....મારી શાળાએ મને જે હંમેશાં કરવાને પ્રેરીત કરી...

પચાસ વર્ષો પછી જ્યારે આપણે આપણી લાગણીઓ અને અનુભવોને સજીવ કરવાના પ્રયત્નો કરી રહ્યા છીએ ત્યારે સાહજિકતાથી સ્મરણ, ચિંતન અને મનની પ્રક્રિયા જાણે-અજાણે શરૂ થઈ રહી છે.

શું જ્યારે આપણે ગાતા, નાચતા-કૂદતા કે નાટકો કરતાં... તોરણો બનાવતા, સ્વયંપાક કરતા, પ્રાતઃપ્રાર્થનામાં આવતા કે પ્રવાસમાં જતા ત્યારે આ બધું 'શા માટે' એવો પ્રશ્ન ક્યારેય મનમાં ઉપસ્થિત થતો હતો ખરો?

ચૂંટણી લડ્યા, ચિત્રો કર્યા, રમતો રમ્યા, સ્ટોર અને કેન્ટીન ચલાવ્યા, હિસાબો રાખ્યા, લાંબા પ્રવાસોમાં હળીમળીને રહ્યા-રમ્યા, અને શિક્ષકો તથા એકબીજા સાથે ગમ્મતો કરી અને આત્મીયતા કેળવી... પણ ત્યારે શું એની ગહન અસર આપણા વિકાસ પર દેખાતી હતી ખરી?

અવારનવાર ચિંતન કરતા એવું લાગે છે કે આપણે માટે તો જાણે સાથીદારો સાથેની મજા, આનંદ, સ્પર્ધા, ચતુરતા, સંવેદનશીલતાની ક્ષણોમાં પ્રવૃત્તિમય અને કાર્યરત રહેવું એટલું જ પૂરતું હતું. પરંતુ શાળા અને શિક્ષકો માટે આ બધું ચોક્કસ વધુ ગહન વિચારશૈલીમાં વણાયેલું હશે એવું લાગે છે. કંઈક નવું ફરવા માટેનું સતત પ્રોત્સાહન અને ઉત્સુકતા ઉપજાવી બાળકોને હંમેશાં ક્રિયાશીલ રાખવાનો એમાં એક સંકેત હતો.

કદાચિત, સૌને માટે નવી પગદંડીઓ બનાવવી, નવા અનુભવો કરાવવા અને બાળકોને કાર્યરત રાખી સામાન્ય પદ્ધતિસરના શિક્ષણ સાથે એક પ્રાયોગિક શિક્ષણ પણ આપવું એવો શાળાનો 'ધ્યેય' હશે. એનો આત્મસાદ આડકતરી રીતે જીવનમાં વારંવાર થતો રહ્યો... અને હવે એક અનેરી આત્મસંતુષ્ટિનો પણ અનુવભ પણ રહ્યો છે...

'કલરવ' કરતા, 'બાળરથિ' બનીને, 'ચલો ચલો'ના જુસ્સા અને આત્મશક્તિ સાથે... હું પ્રવાસી, ડગલે ને પગલે હંમેશાં નવી પગદંડી પર ચાલતી રહી. શાળા અને શિક્ષકોએ નવી તકો ઉભી કરી, અસંખ્યા પગદંડી બનતી રહી, વિકાસનો પ્રવાસ થતો રહ્યો અને આત્મવિશ્વાસ, પ્રેરણા તથા આનંદનો સંચય થતો રહ્યો.

હાલમાં, આ પ્રવાસી, સાચા હૃદયથી શાળાના ઋણી બનીને, એ જ અડગ આત્મશક્તિ સાથે અનેક નવી પગદંડીઓ પણ પ્રવાસ કરી રહી છે... અને ચોક્કસ કરતી રહેશે.

કૃતજ્ઞતા સાથે... પ્રણામ.

(સંસ્મરણો - Class of 1969માંથી સાભાર)